જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૨/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૨૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી ૮૪ લીટર દેશી દારૂ, ૩૬૫ ઈંગ્લીશ દારૂ, ૧૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૨ બિયર ટીન અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૭,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૨૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૨૪/૧૬**

**વટવાઃ** રામાઆશા તીરથ વિશ્વકર્મા (રહે. વિક્રમસિંહ પોસ્ટ બીલારી તાલુકો વિડનગર થાના- કપ્તાનગંજ) એ તા.૧૩/૨/૧૬ બપોરના ૧/30 થી કલાક ૮/00 વાગ્યા દરમ્યાન નારોલ વિશાલા રોડ દેવ હોટલની પહેલા પેટ્રોલ પંપની પાસે પાર્ક કરેલ ગાડીની તાડપત્રી અને દોરડાઓ કાપી કાપડની ગાંસડીઓ નંગ-૩૨ અને વાસણનાં બોક્ષ નંગ-૨ મળી કુલ કિમત રૂપીયા ૩,૧૫,000/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ રામાઆશા વિશ્વકર્માએ તા.૧૬/૨/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રકુમાર હીરાલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)